# સિન્ડિકેટ બેંકનું કેનેરા બેંકમાં એકીકરણ
# વારંવાર પૂછાયેલા પ્રશ્નો (એફએક્યૂ)

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| **એ** | **સર્વસામાન્ય બાબતો** | |
| 1 | આ એકીકરણના ઉદ્દેશ્યો શું છે? | માનનીય નાણાં મંત્રી દ્વારા અહીં જણાવેલ ઉદ્દેશ્યોની સાથે આ એકીકરણની જાહેરાત કરવામાં આવી છેઃ<br>✓ નવી પેઢીની બેંકોના સર્જન- એકીકરણ મારફતે ક્ષમતાઓને ઉજાગર કરવી<br>✓ 5 ટ્રિલિયન યુએસ ડોલરના અર્થતંત્રના નિર્માણના ધોરણને અનુરૂપ પીએસબીની સ્થિતિને ફરીથી નિર્ધારિત કરવી<br>✓ ક્રેડિટમાં વધારો કરવા માટે વધુ ક્ષમતા ધરાવતી મોટી બેંકો<br>✓ સુદ્રઢ રાષ્ટ્રીય ઉપસ્થિતિ અને આંતરરાષ્ટ્રીય પહોંચ ધરાવતી બેંકોનું સર્જન કરવું<br>✓ ધીરાણ પાછળ થતાં ખર્ચને ઘટાડવા માટે સંચાલનની કાર્યક્ષમતા વધારવી<br>✓ જોખમ લેવાની ક્ષમતામાં વધારો કરવો<br>✓ વધારેલા અનુકૂલનની સાથે વ્યાપક સુવિધાઓ પૂરી પાડવી<br>✓ બજારમાંથી સંસાધનો ઊભા કરવાની વધુ સારી ક્ષમતાનું સર્જન કરવું |
| 2 | એકીકરણ પામેલી બેંકનું નામ શું હશે? | એકીકરણ પામેલી બેંકને **કેનેરા બેંક** નામ આપવામાં આવશે. |
| 3 | એક ગ્રાહક તરીકે મારે હાલમાં કોઈ પગલાં લેવાના રહે છે? | એક ગ્રાહક તરીકે આપે આપની શાખા ખાતે હંમેશની જેમ જ કામગીરી કરવાની રહે છે. બંને બેંકોની તમામ શાખાઓ આપને શ્રેષ્ઠ સેવા પૂરી પાડવાનું સુનિશ્ચિત કરશે. |
| 4 | શું એકીકરણ બાદ કેટલીક શાખાઓ બંધ થઈ જશે? | ના. હાલમાં કોઈપણ શાખાને બંધ કરવાનું અમારું કોઈ આયોજન નથી. આપની નજીકમાં આવેલી કોઈ શાખાનું એકીકરણ કરવાનો અમે નિર્ણય લઈશું તો, આ અંગે આપને ઘણી પહેલેથી જાણ કરવામાં આવશે. |
| 5 | મારા વિસ્તારમાં આ બંને બેંકની શાખાઓ આવેલી છે. તો આ બેમાંથી કઈ શાખા મારી બેંકિંગ સંબંધિત વિનંતીઓની સેવા પૂરી પાડશે? | તમામ શાખાઓમાં હંમેશની જેમ જ કામગીરી ચાલશે. આપને આપની વર્તમાન બેંકની શાખા દ્વારા સેવા પૂરી પાડવાનું ચાલુ રહેશે. ભવિષ્યમાં લગભગ 12 આંતરસંચાલિત સેવાઓ આ બંને બેંકના તમામ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| 6 | સમય જતાં મારી શાખા સાથે વિકસિત થતાં આંતરવૈયક્તિક સંબંધ કેવો હશે? | આપને આપની શાખામાં પ્રાપ્ત થતાં આંતરવૈયક્તિક સંબંધ જેવા જ અથવા તેનાથી વધુ સારા આંતરવૈયક્તિક સંબંધની સેવા પૂરી પાડવામાં આવશે. |
| 7 | મારા સીન્ડિકેટ બેંકના વર્તમાન શૅરોનું શું થશે? | રેકોર્ડ પરની તારીખ (23/03/2020) સુધીના સીન્ડિકેટ બેંકના વર્તમાન શૅરધારકો બંને બેંકના બૉર્ડ ઑફ્ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરવામાં આવતાં શૅર વિનિમય ગુણોત્તર મારફતે કેનેરા બેંકના શૅરો પ્રાપ્ત થશે. |
| 8 | એકીકરણ થઈ ગયાં બાદ મને આ એકીકરણ /બેંકિંગ સેવાઓના સંબંધે આગળનો/તાજેતરનો સંદેશાવ્યવહાર ક્યાંથી પ્રાપ્ત થશે? | કેનેરા બેંક અને સીન્ડિકેટ બેંક એમ બંને બેંકોની વેબસાઇટને સમયાંતરે તાજેતરની માહિતી સાથે અપડેટ કરવામાં આવશે. કોઈપણ પ્રકારની સહાય માટે કૃપા કરીને બેંકના ટૉલ ફ્રી નંબર પર સંપર્ક કરો અથવા તો સોશિયલ મીડિયા સાથે જોડાઓ અથવા અમારી શાખાની મુલાકાત લો. |
| 9 | કઈ બેંકનું એકીકરણ કઈ બેંક સાથે થશે? | સીન્ડિકેટ બેંકનું એકીકરણ કેનેરા બેંકમાં થશે. એકીકરણ પામેલી એન્ટિટી કે બેંકનું નામ કેનેરા બેંક હશે. |
| 10 | સીન્ડિકેટ બેંક એ ખાનગી બેંક છે કે સરકારી? | સીન્ડિકેટ બેંક એ જાહેર ક્ષેત્રની બેંક છે, એટલે કે, એવી બેંક જેમાં ભારત સરકાર બહુમતી હિસ્સો ધરાવે છે. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 11 | આ પ્રકારના એકીકરણ શા માટે થાય છે? | ભારત સરકારે સીન્ડિકેટ બેંક અને કેનેરા બેંકના એકીકરણને મંજૂર કર્યું છે, જેથી કરીને તેને વૈશ્વિક રીતે સ્પર્ધાત્મક ઋણદાતા બનાવી શકાય. આ એકીકરણ થવાની સાથે જ, નવી રચાયેલી બેંક સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, પીએનબી+ઓબીસી+યુનાઈટેડ બેંક ઑફ ઇન્ડિયા અને બેંક ઑફ બરોડા બાદ દેશની ચોથી સૌથી મોટી બેંક બની જશે (ડિસે. 2019 સુધી મુજબ). એક કે તેનાથી વધુ બેંકોનું કોઈપણ એકીકરણ વ્યાપક ભૌગોલિક ઉપસ્થિતિ પૂરી પાડે છે અને તે કદ, વ્યાપ, સામર્થ્યનો લાભ મેળવવામાં મદદરૂપ થાય છે. હવે, આ સંમિલિત એન્ટિટી સમગ્ર ભારતમાં લગભગ 10,396 શાખાઓ અને અંદાજે 13,408 એટીએમનું નેટવર્ક ધરાવે છે. (કેનેરા બેંક - 8,837 એટીએમ અને 6,333 શાખાઓ, સીન્ડિકેટ બેંક - 4,571 એટીએમ અને 4,063 શાખાઓ). |
| 12 | કેનેરા બેંક અને સીન્ડિકેટ બેંકના એકીકરણનો ગ્રાહકો પર કેવો પ્રભાવ પડશે? | ગ્રાહકો કેનેરા બેંક નામના વધુ મોટા સંગઠન કે બેંકનો હિસ્સો બની જશે. આ નવી રચાયેલી એન્ટિટીની માર્કેટમાં હિસ્સેદારી વધેલી હશે, જે અર્થતંત્રોના વ્યાપને સુધારવામાં મદદરૂપ થશે અને વધુ નફાકારક બની જશે.<br>પ્રત્યેક બેંકના ગ્રાહકોને શાખાઓની વધુ સંખ્યા અને એટીએમના બહોળા નેટવર્કનો લાભ પ્રાપ્ત થશે, ક્રેડિટની સુવિધા સુધીની પહોંચ તથા ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક શ્રેણી પ્રાપ્ત થશે.<br>આ સંમિલિત થયેલી એન્ટિટી સમગ્ર ભારતમાં લગભગ 10,396 જેટલી શાખાઓ, અંદાજે 13,408 એટીએમનું નેટવર્ક ધરાવે છે. ગ્રાહકો ઉત્પાદનો અને સેવાઓના વ્યાપક સમુહમાંથી પસંદગી પણ કરી શકે છે. આ સંમિલિત થયેલી એન્ટિટી હવે દેશમાં ચોથી સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક છે. એક કે તેનાથી વધુ બેંકોનું કોઈપણ એકીકરણ વ્યાપક ભૌગોલિક ઉપસ્થિતિ પૂરી પાડે છે અને તે કદ, વ્યાપ, સામર્થ્યનો લાભ મેળવવામાં મદદરૂપ થાય છે.<br>આથી વિશેષ, તેના પરિણામસ્વરૂપઃ<br>✓ વધુ સારી કિંમતે ઉત્પાદનો અને સુવિધાઓનો વ્યાપક સમુહ પ્રાપ્ત થશે<br>✓ વ્યાપક નેટવર્કના કવરેજને પગલે વધુ સારી સુલભતા પ્રાપ્ત થશે<br>✓ ગ્રાહકસેવાની અગ્રણી ભૂમિકામાં રહેલા સ્ટાફની વધુ ફાળવણી થવાને કારણે ગ્રાહકસેવામાં સુધારો થશે<br>✓ સંપત્તિ વ્યવસ્થાપનના વધુ સારા અવસર / વધુ સારી સેવાઓ મેળવવાની તક પ્રાપ્ત થશે. |
| 13 | કેનેરા બેંક/સીન્ડિકેટ બેંક કેટલી શાખાઓ ધરાવે છે? | કેનેરા બેંક ભારતમાં 6,328 શાખા અને વિદેશોમાં 5 શાખા ધરાવે છે.<br>સીન્ડિકેટ બેંક ભારતમાં 4,062 શાખા અને વિદેશ (યુકે)માં 1 શાખા ધરાવે છે. |
| 14 | શું સીન્ડિકેટ બેંક બંધ થવા જઈ રહી છે? | ના. સીન્ડિકેટ બેંકનું કેનેરા બેંક સાથે એકીકરણ થઈ રહ્યું છે અને આ એકીકરણ પામેલી એન્ટિટી/બેંકનું નામ કેનેરા બેંક છે. |
| **બી.** | **બેંકિંગની સર્વસામાન્ય કામગીરી સંબંધિત પ્રશ્નો** | |
| 15 | શું મારે સીન્ડિકેટ બેંકમાં રહેલું મારું ખાતું બંધ કરાવવું પડશે? | તમારે તમારા ખાતાને બંધ કરાવવાની કોઈ જરૂર નથી. સીન્ડિકેટ બેંકમાં રહેલું વર્તમાન ખાતું ચાલુ રહેશે. |
| 16 | શું મારો ખાતાનંબર બદલાઈ જશે? | ના. તમારા ખાતાનો હાલનો નંબર જેમ છે તેમ જ રહેશે. કોઈપણ પ્રકારનો ફેરફાર હશે તો તે અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 17 | શું મારા ખાતાની અન્ય વિગતો બદલાશે? | ના. આઈએફએસસી, એમઆઈસીઆર વગેરે જેવી ખાતાની વિગતો જેમ છે તેમ જ રહેશે. આ સંબંધે પણ જો કોઈ ફેરફાર હશે તો તે અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 18 | શું મારે મારા કેવાયસીના દસ્તાવેજો ફરીથી જમા કરાવવાના રહેશે? | જો આપના શાખાના રેકોર્ડમાં આપનું કેવાયસી પહેલેથી જ અપડેટ થયેલું હોય તો, આપે આપના કેવાયસીના દસ્તાવેજો ફરીથી જમા કરાવવાની કોઈ જરૂર રહેતી નથી. |
| 19 | વર્તમાન ગ્રાહકો માટે ખાતાનો નંબર અને આઈએફએસસી કોડ બદલાઈ જશે? | જ્યાં સુધી કોઈપણ પ્રકારના ફેરફાર અંગે જણાવવામાં અને જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી ખાતાનો નંબર, આઈએફએસસી કોડ, એમઆઈસીઆર કોડ તથા ખાતા અને શાખાની ઓળખ જેમ છે તેમ જ રહેશે. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 20 | હું બંને બેંકમાં ખાતું ધરાવું છું. તો શું મારે બેમાંથી કોઈ એક ખાતું બંધ કરાવવું પડશે? | ના. બંને બેંકના ખાતા ચાલુ રહેશે. જોકે, આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ, ગ્રાહક ગમે તેટલા ખાતા ધરાવતા હોય તેમનો કસ્ટમર આઇડી (Cust - ID) એક જ હોવો જોઇએ. આ સંબંધે કોઈપણ ફેરફાર અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 21 | શું મને નવી ચેક બૂક / એટીએમ કાર્ડ પ્રાપ્ત થશે અને હાલની ચેક બૂક અને એટીએમ કાર્ડનું શું થશે? | જ્યાં સુધી અગાઉથી જાણ કરવામાં ન આવે ત્યાં સુધી વર્તમાન એટીએમ કાર્ડ અને ચેક બૂકનો ઉપયોગ કરી શકાશે. |
| 22 | શું હું મારી પાસબૂકને કેનેરા બેંક/સીન્ડિકેટ બેંકની કોઈપણ શાખા ખાતે અપડેટ કરાવી શકું? | પાસબૂકને હાલ પૂરતી સંબંધિત બેંકની જે-તે શાખા ખાતે જ અપડેટ કરાવી શકાશે. જોકે, ખાતાના સ્ટેટમેન્ટને એકીકરણ પામેલી બેંકની કોઈપણ શાખાએથી ઉપલબ્ધ થઈ શકશે. |
| 23 | શું સીન્ડિકેટ બેંકના ગ્રાહકો ચેકનો ઉપયોગ કર્યા વગર કેનેરા બેંકની કોઈપણ શાખામાંથી નાણાં ઉપાડી શકે છે અને તેનાથી વિપરિત કેનેરા બેંકના ગ્રાહકો ચેકનો ઉપયોગ કર્યા વગર સીન્ડિકેટ બેંકની શાખામાંથી નાણાં ઉપાડી શકે છે? | ના. ગ્રાહકોએ નાણાં ઉપાડવા માટે ચેકનો ઉપયોગ કરવો જોઇએ. તેઓ કોઈપણ બેંકના એટીએમ ખાતે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે. |
| 24 | શું હું કેનેરા બેંક કે સીન્ડિકેટ બેંકની કોઈપણ શાખા ખાતે નાણાં જમા કરાવી શકું? | હા. |
| 25 | હું સીન્ડિકેટ બેંકમાં ખાતું ધરાવું છું. શું મારાથી કેનેરા બેંકની શાખા ખાતે લેવડદેવડ કરી શકાશે અને તેનાથી વિપરિત જો હું કેનેરા બેંકમાં ખાતું ધરાવતો હોઉં તો મારાથી સીન્ડિકેટ બેંકની શાખા ખાતે લેવડદેવડ કરી શકાશે? | હા, તારીખ 01.04.2020થી અહીં નીચે જણાવેલ આંતર સંચાલિત સેવાઓ પૂરી પાડવામાં આવશે.<br>1 રોકડ ઉપાડ \| 7 ચેકની ચૂકવણી અટકાવવી<br>2 રોકડ જમા કરાવવા \| 8 હોટ લિસ્ટિંગ ડેબિટ / ક્રેડિટ કાર્ડ્સ<br>3 ફંડ્સ ટ્રાન્સફર કરવા \| 9 ફરિયાદ નોંધાવવી<br>4 લોનની પુનઃચૂકવણી \| 10 ખાતાનું સ્ટેટમેન્ટ મેળવવું<br>5 બચત ખાતું ખોલાવવું \| 11 લોન ખાતાનું સ્ટેટમેન્ટ મેળવવું<br>6 ચેક બૂક મેળવવાની વિનંતી કરવી \| 12 બેલેન્સ સંબંધિત પૂછપરછ કરવી |
| 26 | શું મારા ખાતા પર કોઈ નવા સર્વિસ ચાર્જ વસૂલવામાં આવશે? | આ એકીકરણના  પરિણામે ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતા સર્વિસ ચાર્જિસનું એકીકરણ થઈ જશે. આ પ્રકારના સુધારેલા સર્વિસ ચાર્જિસને જે-તે બેંકની વેબસાઇટ પર પહેલેથી જ અપલોડ કરી દેવામાં આવ્યાં છે. |
| 27 | શું મારો કસ્ટમર આઇડી જે છે તે જ રહેશે? | હા. જોકે, આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ, ગ્રાહક ગમે તેટલા ખાતા ધરાવતા હોય તેમનો કસ્ટમર આઇડી (Cust - ID) એક જ હોવો જોઇએ. આ સંબંધે કોઈપણ ફેરફાર અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 28 | શું મારા થાપણ ખાતાના વ્યાજદરોમાં કોઈ ફેરફાર થશે? | ના. એસબી/આરડી/બાંધી મુદતની થાપણો માટેના વર્તમાન વ્યાજદરો પાકતી મુદત સુધી જેમ છે તેમ જ રહેશે. એકીકરણ બાદ વ્યાજદરમાં થતાં કોઈપણ ફેરફાર અંગે બેંકની વેબસાઇટ અને શાખા ખાતે દર્શાવવામાં આવશે. |
| 29 | શું સીન્ડિકેટ બેંકની શાખાઓનું કેનેરા બેંકની શાખાઓમાં વિલિનીકરણ થઈ જશે અને આમ થવાને પરિણામે શું શાખાઓના સ્થળ બદલાઈ જશે? | હાલ પૂરતું શાખાઓના સ્થળમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જો આ પ્રકારનો કોઈપણ ફેરફાર હશે તો તેના અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 30 | કેનેરા બેંકની શાખાનું વિલિનીકરણ થવાના કિસ્સામાં લૉકરો સ્થળાંતરિત થશે? | જો અમે નજીકમાં આવેલી શાખાઓનું વિલિનીકરણ કરવાનો નિર્ણય લઇશું તો, આવી શાખાઓમાં લૉકર ધરાવનારા તમામ ગ્રાહકોને નજીકમાં આવેલી શાખામાં લૉકરો ફાળવવામાં આવશે. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 31 | માર્ચ'20 માટેના ફૉર્મ 16A બેંકની કઈ શાખાઓમાંથી ઉપલબ્ધ થશે? | ફૉર્મ 16A માટે આપની મૂળભૂત શાખાની મુલાકાત લો. |
| 32 | એકીકરણ થયાં બાદ રૂ. 2 કરોડ સુધીની બાંધી મુદ્તની રીટેઇલ થાપણને નિયત સમય કરતાં વહેલી ઉપાડી લેવા પર કોઈ દંડ કપાય છે? | હા |
| 33 | એકીકરણ પામેલી બેંકમાં મુદત વીતી થાપણો માટે કેટલો વ્યાજદર ચૂકવવામાં આવે છે? | લાગુ થતાં બચત બેંકના દરે. |
| 34 | હું કઈ બેંકની શાખાએથી બેમાંથી કોઈ એક બેંકની દાવો નહીં કરવામાં આવેલી થાપણને મેળવવાનો દાવો કરી શકું? | આ પ્રકારનો દાવો બેંકની મૂળભૂત શાખાએ જ કરવાનો રહેશે. |
| 35 | એકીકરણ પામેલી બેંકમાં થાપણ આપમેળે રીન્યૂ થઈ જવાની સેવા ઉપલબ્ધ છે? | હા, કરવામાં આવેલા કરાર મુજબ મૂળ શાખાએ થાપણો આપમેળે રીન્યૂ થઈ જશે, સિવાય કે, ટેક્સ સેવર ડીપોઝિટ, કેપિટલ ગેઇન એકાઉન્ટ ડીપોઝિટ, બેંક દ્વારા પાછી ખેંચી લેવામાં આવેલ અન્ય કોઇપણ ડીપોઝિટ પ્રોડક્ટ, એફસીએનઆર થાપણો વગેરે. |
| 36 | એકીકરણ થયાં બાદ રૂ. 2 કરોડ થી વધુ બાંધી મુદ્તની જથ્થાબંધ થાપણોને નિયત સમય કરતાં વહેલી ઉપાડી લેવા પર કોઈ દંડ કપાય છે? | ના, લાગુ થતું નથી |
| 37 | બેમાંથી કોઈપણ બેંકના વ્યાજદર સંબંધિત કોઈ વિવાદ સર્જાવા પર કોનો સંપર્ક કરવાનો રહેશે? | કૃપા કરીને આપની મૂળભૂત શાખા અથવા કૉલ સેન્ટરનો સંપર્ક કરો અથવા ફરિયાદ નિવારણ પોર્ટલ પર આપની ફરિયાદ નોંધાવો. |
| 38 | હું મારા ખાતાને સંયુક્ત ખાતા (જોઇન્ટ એકાઉન્ટ)માં ફેરવવા માંગું છું. શું હું તેને એકીકરણ પામેલી બેંકની કોઇપણ શાખા ખાતે તેને કરાવી શકું? | કૃપા કરીને આપની મૂળભૂત શાખાની મુલાકાત લો |
| 39 | નવું ખાતું ખોલાવવા માટે કેવાયસીના દસ્તાવેજોની જરૂરિયાતો બદલાઈ જશે? | ના, નિયામક/સરકાર દ્વારા કરવામાં આવેલા ફેરફારોને આધિન રહીને પ્રવર્તમાન માર્ગદર્શિકા જેમ છે તેમ ચાલુ રહેશે. |
| 40 | વિલિનીકરણ બાદ ટૉલ ફ્રી નંબરો સમાન જ રહેશે? | હા, વિલિનીકરણ બાદ ટૉલ ફ્રી નંબરો જે છે તે જ રહેશે. અમે એકીકરણ માટે એક સમર્પિત કૉલ સેન્ટર સ્થાપવાની પણ પ્રક્રિયા હાથ ધરી રહ્યાં છીએ. |
| 41 | સીન્ડિકેટ બેંક માટેનો કસ્ટમર કૅર નંબર અલગ છે કે હું સમાન ટૉલ ફ્રી નંબર પર કૉલ કરી શકું? | આપ બંને નંબરો પર કૉલ કરી શકો છો. |
| 42 | ખાતા નંબર વગેરેમાં ફેરફાર થયાં બાદ ઇન્કમ ટેક્સ રીફન્ડ વગેરે જેવા વિવિધ વિભાગોમાંથી આવતાં રીફન્ડના કિસ્સામાં શું થશે? | જ્યાં સુધી કોઈપણ પ્રકારના ફેરફાર અંગે જણાવવામાં અને જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી ખાતાનો નંબર, આઇએફએસસી કૉડ, એમઆઇસીઆર કૉડ તથા ખાતા અને શાખાની અન્ય ઓળખ જેમ છે તેમ જ ચાલુ રહેશે. રીફન્ડ વગેરે ફક્ત આપના વર્તમાન ખાતામાં જમા થશે. |
| 43 | શું હું નાણાં ઉપાડવા કે ભંડોળને ટ્રાન્સફર કરવા માટે વર્તમાન પિન નંબરનો ઉપયોગ કરી શકું? | હા |
| 44 | શું હું સીન્ડિકેટ બેંકના એટીએમમાં મારો પિન નંબર બદલી શકું? | હા, જો જરૂર જણાય તો આપ તેમ કરી શકો છો. |
| 45 | શું હું સીન્ડિકેટ બેંકમાં ખાતાનું બેલેન્સ મેળવી શકું? | હા |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 46 | હું સીન્ડિકેટ બેંકનો ગ્રાહક છું, તો શું હું કેનેરા બેંકમાં મોબાઈલ નંબર નોંધાવી શકું તથા તેનાથી વિપરિત જો હું કેનેરા બેંકનો ગ્રાહક હોઉં તો શું હું સીન્ડિકેટ બેંકમાં મોબાઈલ નંબર નોંધાવી શકું? | હા |
| 47 | હું સીન્ડિકેટ બેંકનો ગ્રાહક છું, તો શું હું સીન્ડિકેટ બેંકમાં રહેલા મારા લૉન ખાતાની વિગતો મેળવી શકુ તથા તેનાથી વિપરિત જો હું કેનેરા બેંકનો ગ્રાહક હોઉં તો શું હું કેનેરા બેંકમાં રહેલા મારા લૉન ખાતાની વિગતો મેળવી શકું? | હા |
| 48 | શું આપ સીન્ડિકેટ બેંકમાં નોંધાયેલા મારા મેઈલ આઈડી પર મને સ્ટેટમેન્ટ મોકલાવી શકો? | હા |
| 49 | હું સીન્ડિકેટ બેંકનો ગ્રાહક છું, તો શું હું કેનેરા બેંકમાંથી ચેકબૂક મેળવી શકું? | કૃપા કરીને આપની મૂળભૂત શાખાનો સંપર્ક કરો અને યોગ્ય સમયે કોઈપણ ફેરફારોની જાણ કરવામાં આવશે. |
| 50 | હું સીન્ડિકેટ બેંકનો ગ્રાહક છું, તો શું મને મારી ડેબિટ લેવડદેવડ માટેના એસએમએસ મળવાનું ચાલુ રહેશે? | હા, ગ્રાહક દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ ડેબિટ લેવડદેવડની મર્યાદાના આધારે. |
| 51 | હું સીન્ડિકેટની બેંકનો ગ્રાહક છું. મારું ખાતું બ્લૉક થઈ ગયું છે, તો શું હું તેને કૉલ સેન્ટર મારફતે અનબ્લૉક કરાવી શકું? | ના. કૃપા કરીને આપની હૉમ બ્રાન્ચનો સંપર્ક કરો. |
| 52 | મારું સીન્ડિકેટ બેંકનું કાર્ડ ખોવાઈ ગયું છે. શું આપ મારા કાર્ડને હોટલિસ્ટ કરી શકો છો? | હા |
| 53 | શું હું સીન્ડિકેટ બેંકમાં રહેલા ખાતા માટે સીપીજીઆરએસ મારફતે ફરિયાદ નોંધાવી શકું છું? | હા, આપ ફરિયાદ નોંધાવી શકો છો અને સીપીજીઆરએસ પૅકેજ બંને બેંક માટે ચાલુ રહેશે. |
| 54 | શું હું કેનેરા બેંક ખાતે સીન્ડિકેટ બેંકમાં રહેલા મારા અગાઉના થાપણ ખાતાઓ - એસબી/આરડી/ટીડી માટેના નોમિનેશનને બદલાવી શકું? | ના. કૃપા કરીને આપની હૉમ બ્રાન્ચનો સંપર્ક કરો. |
| 55 | એકીકરણ બાદ શું હું ઓનલાઈન બચત ખાતું ખોલાવી શકું? | હા |
| 56 | હું સીન્ડિકેટ બેંકમાં હાઉસિંગ લૉન ધરાવું છું. તો શું મને કેનેરા બેંકમાંથી વ્યાજનું પ્રમાણપત્ર પ્રાપ્ત થશે? | ના. કૃપા કરીને આપની હૉમ બ્રાન્ચનો સંપર્ક કરો. |
| 57 | શું હું કેનેરા બેંક ખાતેથી સીન્ડિકેટ બેંકમાં રહેલી મારી અગાઉની થાપણ માટે ફૉર્મ 15G/H જમા કરાવી શકું? | ના. કૃપા કરીને આપની હૉમ બ્રાન્ચનો સંપર્ક કરો. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 58 | હું સીન્ડિકેટ બેંકમાં લૉકરની સુવિધાની સાથે ખાતું ધરાવું છું. શું હું મારા ઘરની નજીક આવેલી કેનેરા બેંકમાં લૉકરની સુવિધા મેળવી શકું? | હા, શાખામાં લૉકર ઉપલબ્ધ હોવાની શરતે. |
| **સી** | **ડિજિટલ માધ્યમ અને કાર્ડ સંબંધિત પ્રશ્નો** | |
| 59 | જો હું નવા ડેબિટ કાર્ડ માટે અથવા તો મારા સીન્ડિકેટ બેંકના વર્તમાન કાર્ડને ફરીથી ઇશ્યૂ કરવાની અરજી કરું તો કયું કાર્ડ અને કયા પ્રકારનું કાર્ડ મને પ્રાપ્ત થશે? | 1 એપ્રિલ, 2020થી લાગુ કરીને ઇશ્યૂ/ફરીથી ઇશ્યૂ કરવામાં આવનારા તમામ કાર્ડ એકીકરણ પામેલી બેંકના હશે. |
| 60 | સીન્ડિકેટ બેંકમાંથી પ્રાપ્ત કરેલા ક્રેડિટ કાર્ડનું શું થશે? | ફરજચૂક (ચૂકવણી બાકી હોય તેવા ઋણ) વગરના સીન્ડિકેટ બેંકના તમામ ક્રેડિટ કાર્ડ્સને ઘણી અગાઉથી જાણકારી પૂરી પાડીને ફરીથી બનાવવામાં આવશે અને કાર્ડની વર્તમાન મર્યાદા પૂરી પાડી કેનેરા બેંકના કાર્ડ વડે તેને બદલવામાં આવશે. ત્યારપછીથી કેનેરા બેંકના ક્રેડિટ કાર્ડ્સ સંચાલિત નિયમો અને શરતો લાગુ થશે. ફરજચૂક (ચૂકવણી બાકી હોય તેવા ઋણ) ધરાવતા કાર્ડ્સને એકવાર પાછલી બાકી ચૂકવણીઓ થઈ જાય તે પછી તેને કેનેરા બેંકના કાર્ડમાં બદલી નાંખવામાં આવશે. |
| 61 | કાર્ડ્સ પર મેળવવામાં આવેલા પોઇન્ટ્સ અને લૉયાલિટી રીવૉર્ડ્સનું શું? | **ડેબિટ કાર્ડ:** સીન્ડિકેટ બેંકમાં ડેબિટ કાર્ડ્સ પર રીવૉર્ડ પોઇન્ટની સુવિધા ઉપલબ્ધ નથી.<br>**ક્રેડિટ કાર્ડ:** પ્રાપ્ત કરવામાં આવેલા રીવૉર્ડ પોઇન્ટ્સને કાર્ડને ફરીથી તૈયાર કરવામાં આવનારી પ્રક્રિયા દરમિયાન યોગ્ય રીતે જાણ કરીને ઉપયોગમાં લઈ શકાશે અને તે ક્રેડિટ કાર્ડ ખાતામાં જમા થઈ જશે. |
| 62 | સીન્ડિકેટ બેંક પાસેથી મેળવવામાં આવેલા પ્રીપેઇડ કાર્ડનું શું થશે? | સીન્ડિકેટ બેંકમાંથી પ્રાપ્ત કરવામાં આવેલા પ્રીપેઇડ કાર્ડને અગાઉથી જાણ કરીને અને ગ્રાહક પાસેથી સંમતિ મેળવીને કેનેરા બેંકમાંથી ફરી ઇશ્યૂ કરવામાં આવશે. |
| 63 | સીન્ડિકેટ બેંક પાસેથી મેળવવામાં આવેલ ઇન્ટરનેશનલ ટ્રાવેલ પ્રીપેઇડ કાર્ડનું શું થશે? | સીન્ડિકેટ બેંકમાંથી પ્રાપ્ત કરવામાં આવેલા ઇન્ટરનેશનલ ટ્રાવેલ પ્રીપેઇડ કાર્ડને અગાઉથી જાણ કરીને અને ગ્રાહક પાસેથી સંમતિ મેળવીને કેનેરા બેંકમાંથી ફરી ઇશ્યૂ કરવામાં આવશે. |
| 64 | શું સીન્ડિકેટ બેંક અને કેનેરા બેંક એમ બંનેના ગ્રાહકો આ બે બેંકોની કોઈપણ શાખા ખાતે કોઈપણ વધારાની કિંમત ચૂકવ્યાં વગર યુપીઆઈ, એઇપીએસ, આઇએમપીએસ વગેરે જેવી ફંડ ટ્રાન્સફરની સેવાઓને ઉપયોગમાં લેવા માટે મુક્ત છે? | સીન્ડિકેટ બેંક અને કેનેરા બેંક એમ બંનેના ગ્રાહકો લાગુ થતાં નિયમો અને શરતો મુજબ, એક એન્ટિટી તરીકે ફંડ ટ્રાન્સફરની સેવાઓને ઉપયોગમાં લઈ શકે છે. |
| 65 | શું સીન્ડિકેટ બેંકના ગ્રાહકોએ એસએમએસ/સ્ટેટમેન્ટ વગેરે જેવી સેવાઓ મેળવવા માટે કેનેરા બેંકમાં મોબાઇલ નંબર અને ઈ-મેઇલને ફરીથી નોંધાવાના રહેશે? | ના, સીન્ડિકેટ બેંકના ગ્રાહકોએ તેમના મોબાઇલ નંબર અને ઈ-મેઇલ આઇડીને ફરીથી નોંધાવાની જરૂર નથી, તેમને એલર્ટ્સ હંમેશાની જેમ જ મળતાં રહેશે. |
| 66 | સીન્ડિકેટ બેંકમાંથી કેનેરા બેંકમાં તથા તેનાથી વિપરિત કેનેરા બેંકમાંથી સીન્ડિકેટ બેંકમાં થતાં ટ્રાન્ઝેક્શન માટે એનઇએફટી / આરટીજીએસના ચાર્જિસ કેવા હશે? | એકીકરણ બાદ સીન્ડિકેટ બેંકમાંથી કેનેરા બેંકમાં અને તેનાથી વિપરિત કેનેરા બેંકમાંથી સીન્ડિકેટ બેંકમાં થતાં આરટીજીએસ / એનઇએફટી ટ્રાન્ઝેક્શન માટેના કોઈ ચાર્જ વસૂલવામાં આવશે નહીં, કારણ કે, તે ઇન્ટ્રા-બેંક ટ્રાન્ઝેક્શન છે. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 67 | શું હું હજુ પણ કોઈપણ ફી ચૂકવ્યાં વગર ક્યાંય પણ એટીએમનો ઉપયોગ કરી શકું? | આપ બેમાંથી કોઈપણ એક બેંકના એટીએમનો ઉપયોગ કરી શકો છો, એટીએમ ટ્રાન્ઝેક્શનના કોઈ ચાર્જ વસૂલવામાં આવશે નહીં. |
| 68 | એકીકરણ થયાં બાદની પરિસ્થિતિમાં શું હું મારા વર્તમાન ડેબિટ/ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ચાલુ રાખી શકું? | હા. આ કાર્ડ્સનું સંચાલન જેમ છે તેમ જ ચાલુ રહેશે અને કોઈપણ પ્રકારના ફેરફાર અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 69 | જો હું સીન્ડિકેટ બેંકનો ગ્રાહક હોઉં તો મારે વર્તમાન ઈસીએસ મેન્ડેટ / ચેકને કેનેરા બેંકના નામે તથા તેનાથી વિપરિત જો હું કેનેરા બેંકનો ગ્રાહક હોઉં તો મારે વર્તમાન ઈસીએસ મેન્ડેટ / ચેકને સીન્ડિકેટ બેંકના નામે બદલવાની જરૂર રહેશે? | ના, ગ્રાહકોએ વર્તમાન ઈસીએસ મેન્ડેટને કે પાછલી તારીખના ચેકને બદલવાની જરૂર રહેતી નથી. જો ફેરફારની જરૂર જણાશે તો તે અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 70 | મારી ડિજિટલ બેંકિંગ ચેનલો એટલે કે, મોબાઈલ બેંકિંગ / ઈન્ટરનેટ બેંકિંગ / યુપીઆઈ / બીબીપીએસ / ભીમ / પ્રીપેઈડ કાર્ડ્સનું શું? | કોઈપણ પ્રક્રિયામાં ફેરફાર નથી. બંને બેંકોની તમામ કામગીરીઓ જેમ છે તેમ જ ચાલુ રહેશે. ગ્રાહકોને સેવા પૂરી પાડવા માટે બેંકોની તમામ કામગીરીઓનું સંચાલન ચાલુ રહેશે. કોઈપણ પ્રકારના ફેરફાર થવાના કિસ્સામાં ગ્રાહકને ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 71 | શું ગ્રાહકો કેનેરા બેંક અને સીન્ડિકેટ બેંકના ખાતાઓની વચ્ચે ફંડ્સ ટ્રાન્સફર કરવા માટે આરટીજીએસ કે એનઈએફટીનો ઉપયોગ કરવાનો રહેશે? | ના. કેનેરા બેંક અને સીન્ડિકેટ બેંકના ખાતાઓ વચ્ચે થતાં ફંડ્સ ટ્રાન્સફરને ઈન્ટ્રા-બેંક ફંડ્સ ટ્રાન્સફર ગણવામાં આવશે. |
| **ડી** | **લૉન સંબંધિત મુદ્દાઓ** | |
| 72 | શું ગ્રાહકો સીન્ડિકેટ બેંકની શાખાની મુલાકાત લઈને તેમના કેનેરા બેંકના ઓડી/ઓસીસી ખાતામાંથી રોકડ ઉપાડી શકે છે? | ના. ઓડી/ઓસીસી ખાતામાંથી રોકડ ઉપાડવાનું ફક્ત હૉમ-બ્રાન્ચ પૂરતું જ મર્યાદિત છે. |
| 73 | બંને બેંકોનું એકીકરણ મારા લૉન ખાતાના વર્તમાન નિયમો અને શરતોને પ્રભાવિત કરશે? | વર્તમાન ઋણ સુવિધાઓના નિયમો અને શરતોમાં તાત્કાલિક કોઈ ફેરફાર થશે નહીં. જોકે, એકીકરણ થયાં બાદ આ સુવિધાઓનું સંચાલન જે બેંકમાં એકીકરણ થયું છે તે બેંકની માર્ગદર્શિકા / નીતિઓ દ્વારા થશે. નિયમો અને શરતોમાં થતાં કોઈપણ ફેરફાર અંગે ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. જોકે, વ્યાજદરોના સંબંધે રીસેટ કલમ ધરાવતી બાંધી મુદતના લૉનના કિસ્સામાં વર્તમાન આરઓઆઈ તે તારીખ સુધી ચાલુ રહેશે. ચાલુ મૂડીની લૉનના કિસ્સામાં વર્તમાન દર આગામી રીન્યૂઅલ સુધી જળવાઈ રહેશે. |
| 74 | જો ગ્રાહક સીન્ડિકેટ બેંક અને કેનેરા બેંક બંનેમાં ખાતું ધરાવતા હોય તો શું થશે? | હાલમાં બંને લૉનની સુવિધા વર્તમાન નિયમો અને શરતો મુજબ જ, ચાલુ રહેશે. એકીકરણ થયાં બાદ બંને લૉન ગ્રાહકોના અનુભવને સુધારીને સિંગલ વિન્ડો મારફતે પૂરી પાડવામાં આવશે. |
| 75 | શું હું સીન્ડિકેટ બેંક/કેનેરા બેંકમાં જમા કરાવેલા મારા જામીનગીરીના દસ્તાવેજો સરળતાથી પાછા મેળવી શકીશ? | સીન્ડિકેટ બેંક અથવા કેનેરા બેંકને સોંપેલા માલિકી હક-ખત અને અન્ય દસ્તાવેજો સુરક્ષિત રહેશે અને આપ તેને સરળતાથી પાછા મેળવી શકશો. |
| 76 | એકીકરણ બાદ મારા ઓડી / લૉનના રીન્યૂઅલનું શું થશે? | ઓડી / લૉન રીન્યૂઅલ / એન્હાન્સમેન્ટ લાગુ માર્ગદર્શિકા મુજબ સામાન્ય કાર્યવાહી પ્રમાણે જ થશે. |
| 77 | શું ગ્રાહકો કેનેરા બેંકના લૉન ખાતા માટે સીન્ડિકેટ બેંકની વેબસાઈટ/મોબાઈલ એપ્લિકેશન મારફતે ઈએમઆઈની ચૂકવણી કરી શકશે? | ના |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 78 | શું ખેડૂતોને પાક લૉનના સંબંધમાં વ્યાજ સહાય મળવાની ચાલુ રહેશે? | હા, વ્યાજ સહાય મેળવવાને પાત્ર ખેડૂતોને એકીકરણ પામેલી એન્ટિટીમાં તેમજ ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ, લાભ મળવાનો ચાલુ રહેશે. |
| 79 | એક ખાસ એમએસએમઈ યોજના કે જેના હેઠળ સીન્ડિકેટ બેંક પાસેથી મેળવવામાં આવેલ લૉન કેનેરા બેંક પાસે ઉપલબ્ધ નથી. આવી લૉનની સ્થિતિ શું હશે? શું આ લૉન કેનેરા બેંકની અન્ય કોઈ યોજનામાં પરિવર્તિત કરવામાં આવશે? | ના. આ લૉન આગામી રીન્યૂઅલ/સમીક્ષા સુધી મંજૂર કરવામાં આવેલ નિયમો અને શરતો મુજબ ચાલુ રહેશે. |
| 80 | સીન્ડિકેટ બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલ વ્યાજદર/અન્ય ચાર્જિસ પરની રાહત એકીકરણ પામેલી કેનેરા બેંકમાં પણ ચાલુ રહેશે? | હા, એકીકરણ થયાં બાદ આગામી રીન્યૂઅલ/સમીક્ષા સુધી હાલમાં આપેલી મંજૂરી મુજબ જ સીન્ડિકેટ બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલ રાહત ચાલુ રહેશે. એકીકરણ થયાં બાદ અનુગામી રીન્યૂઅલ / સમીક્ષા દરમિયાન આ અંગે આગળની વિચારણા કરવામાં આવશે. |
| 81 | પીએમઈજીપી સબસિડી. સીન્ડિકેટ બેંકમાંથી મેળવવામાં આવેલ પીએમઈજીપી લૉન. વિલિનીકરણ બાદ અત્યાર સુધીમાં પ્રાપ્ત નહીં થયેલી સબસિડીની સ્થિતિ શું હશે? | એકીકરણ થયાં બાદ સરકારની માર્ગદર્શિકા મુજબ, પીએમઈજીપી સબસિડી પૂરી પાડવામાં આવશે. |
| 82 | એડહોક મર્યાદા, કામચલાઉ ઓવરલાઈન, સ્ટેન્ડબાય મર્યાદા વગેરે જેવી ટૂંકા ગાળાની ધીરાણ સુવિધા એકીકરણ થયાં બાદ વિસ્તારવામાં આવશે? | હા, એકીકરણ થયાં બાદ જરૂરિયાત આધારિત નાણાકીય આવશ્યકતાઓને પાત્રતાને આધારે ધ્યાન પર લેવામાં આવશે. |
| 83 | શું હું કેનેરા બેંકમાં મારા સીન્ડિકેટ બેંકના બચત / લૉન ખાતાના કલેક્શન ચેકોને જમા કરાવી શકું? | કૃપા કરીને ચેકોને સંબંધિત હૉમ બેંકની શાખાઓમાં જમા કરાવો. |
| 84 | હું બંને બેંકોમાં લૉન ખાતું ધરાવું છું - આ સ્થિતિમાં મારે શું કરવું જોઈએ? | બંને લૉનો મંજૂર કરવામાં આવેલ નિયમો અને શરતો મુજબ પુનઃચૂકવણીને પાત્ર ગણાશે. |
| 85 | શું લૉન ખાતાને એક શાખામાંથી અન્ય કોઈ શાખામાં ટ્રાન્સફર કરવામાં આવશે? | ના, ગ્રાહક દ્વારા આ પ્રકારની ચોક્કસ વિનંતી કરવામાં ન આવે અને સક્ષમ સત્તા દ્વારા જ્યાં સુધી મંજૂરી આપવામાં ન આવે ત્યાં સુધી. |
| 86 | કેનેરા બેંકમાં કોઈ ચોક્કસ ક્રેડિટ સુવિધા માટેના ચાર્જિસ વધુ હોય તો સીન્ડિકેટ બેંકના વર્તમાન ઋણકર્તા/ગ્રાહકોએ પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે વધુ ચાર્જિસ (પ્રોસેસિંગ ચાર્જિસ, કમિશન વગેરે) ચૂકવવા પડશે? | ના, વર્તમાન ક્રેડિટ સુવિધા માટેના વર્તમાન ચાર્જિસ નિયત મુદત સુધી ચાલુ રહેશે. એકીકરણ થઈ ગયાં બાદ એકીકરણ પામેલી બેંકની માર્ગદર્શિકા મુજબ નવી મર્યાદાઓ, ચાર્જિસ લાગુ થશે. |
| 87 | એકીકરણ થયાં બાદ સીન્ડિકેટ બેંકના ગ્રાહકોએ રીટેઈલ લૉન માટે કોનો સંપર્ક કરવાનો રહેશે અને તેનાથી વિપરિત કેનેરા બેંકના ગ્રાહકોએ રીટેઈલ લૉન માટે કોનો સંપર્ક કરવાનો રહેશે? | ગ્રાહક બંને બેંકની શાખાઓ/કાર્યાલયોનો સંપર્ક કરી શકે છે. |
| 88 | સીન્ડિકેટ બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ માટે પ્રાપ્ત થયેલા પ્રસ્તાવોને શું કેનેરા બેંક ધીરાણ પૂરું પાડશે? | હા |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 89 | જો એક બેંકમાં ખાતું સ્ટાન્ડર્ડ હોય અને અન્ય બેંકમાં એનપીએ હોય તો આવા કિસ્સામાં શું પરિસ્થિતિ સર્જાશે? | સ્ટાન્ડર્ડ ખાતાને ડીમ્ડ એનપીએ માની લેવામાં આવશે |
| 90 | વિવિધ બેંકોમાંથી પ્રાપ્ત કરવામાં આવેલ લેટર ઑફ ક્રેડિટ (શાખ-પત્ર) અને એક્સપોર્ટ સુવિધાઓની સ્થિતિ શું હશે? શું અમારે નવા એલસીની વિનંતી કરવાની રહેશે કે આ જ ચાલુ રહેશે? | જ્યાં સુધી વર્તમાન એલસીની સમયમર્યાદા પૂર્ણ ન થાય ત્યાં સુધી તે ચાલુ રહેશે, નવી એલસીને ઇસ્યુ કરવાની કોઈ જરૂર નથી. જેમાં એકીકરણ થયું છે તે એન્ટિટી બંને બેંકોની પ્રતિબદ્ધતાઓ પાળશે. |
| ઈ | **પેન્શન સંબંધિત મુદ્દાઓ** | |
| 91 | સીન્ડિકેટ બેંકના વર્તમાન પેન્શનરોએ પેન્શન મેળવવા માટે કેનેરા બેંકની શાખામાં નવું ખાતું ખોલાવવું પડશે? | ના. પેન્શનરોએ કેનેરા બેંકમાં નવું પેન્શન ખાતું ખોલાવવાની જરૂર નથી. સીન્ડિકેટ બેંકનું વર્તમાન ખાતું એકીકરણ બાદ પણ ચાલુ રહી શકશે. |
| 92 | સીન્ડિકેટ બેંકના પેન્શનરો કેનેરા બેંકની કોઈપણ શાખામાંથી પેન્શન ઉપાડી શકે છે? | હા. સીન્ડિકેટ બેંકના પેન્શનરો કેનેરા બેંકની કોઈપણ શાખામાંથી પેન્શન ઉપાડી શકે છે અને તેનાથી વિપરિત કેનેરા બેંકના પેન્શનરો સીન્ડિકેટ બેંકની કોઈપણ શાખામાંથી પેન્શન ઉપાડી શકે છે. |
| 93 | શું પેન્શનરો અગાઉની સીન્ડિકેટ બેંકની શાખામાંથી નજીકમાં આવેલી કેનેરા બેંકની શાખામાં પેન્શન ખાતું ટ્રાન્સફર કરી શકે છે? | હા. પેન્શનરો અગાઉની સીન્ડિકેટ બેંકની શાખામાંથી પેન્શન ખાતું નજીકમાં આવેલી કેનેરા બેંકની શાખામાં ટ્રાન્સફર કરી શકે છે અને તેનાથી વિપરિત પેન્શનરો કેનેરા બેંકની શાખામાંથી પેન્શન ખાતું નજીકમાં આવેલી સીન્ડિકેટ બેંકની શાખામાં ટ્રાન્સફર કરી શકે છે. |
| 94 | શું સીન્ડિકેટ બેંકના પેન્શનરો કેનેરા બેંકની શાખાઓ ખાતે જીવનનું પ્રમાણપત્ર ફીઝિકલ/ડિજિટલ સ્વરૂપે જમા કરાવી શકે છે અને તેનાથી વિપરિત કેનેરા બેંકના પેન્શનરો સીન્ડિકેટ બેંકની શાખાઓ ખાતે જીવનનું પ્રમાણપત્ર ફીઝિકલ/ડિજિટલ સ્વરૂપે જમા કરાવી શકે છે? | હા. સીન્ડિકેટ બેંકના પેન્શનરો જીવનનું પ્રમાણપત્ર ફીઝિકલ/ડિજિટલ સ્વરૂપે કેનેરા બેંકની શાખા ખાતે જમા કરાવી શકે છે અને તેનાથી વિપરિત કેનેરા બેંકના પેન્શનરો જીવનનું પ્રમાણપત્ર ફીઝિકલ/ડિજિટલ સ્વરૂપે સીન્ડિકેટ બેંકની શાખા ખાતે જમા કરાવી શકે છે. |
| 95 | શું સીન્ડિકેટ બેંકના પેન્શનરો કેનેરા બેંકની શાખાઓમાંથી પેન્શન સ્લિપ મેળવી શકે છે? | હા. પેન્શનરો કેનેરા બેંકની કોઈપણ શાખામાંથી પેન્શન સ્લિપ મેળવી શકે છે. |
| 96 | શું સીન્ડિકેટ બેંકના પેન્શનરો કેનેરા બેંકની શાખાઓમાંથી ફૉર્મ 16 મેળવી શકે છે? | વર્તમાન વર્ષ માટેનું ફૉર્મ 16 મેળવવા કૃપા કરીને આપની મૂળભૂત શાખાની મુલાકાત લો. |
| એફ | **વીમા સંબંધિત મુદ્દાઓ** | |
| 97 | એક પૉલિસીધારક / મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકર્તા તરીકે એકીકરણ જેમાં કરવામાં આવ્યું છે, તે બેંક મને કેવી રીતે પ્રભાવિત કરશે? | ગ્રાહકને તેમની સેવા સંબંધિત જરૂરિયાતો માટે બેંકના ભારતવ્યાપી નેટવર્કનો લાભ પ્રાપ્ત થશે. |
| 98 | ગ્રાહકે વીમાપૉલિસી ચાલુ રાખવા માટે કોઈ બાબત આરંભવાની રહેશે? | ગ્રાહક તરીકે, જે બેંકમાં એકીકરણ થયું છે તેમાં આપના માટે કામગીરી જેમ છે તેમ જ ચાલુ રહેશે. |
| 99 | એકીકરણ થયા બાદની પરિસ્થિતિમાં સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલી મારી વર્તમાન જીવન વીમાપૉલિસીઓનું શું થશે? | આપ આપના વીમાપ્રદાતાને સમયસર આપના રીન્યૂઅલ પ્રીમિયમ ચૂકવો તે શરતે આપની પૉલિસીઓ એકીકરણ થયાં પછી પણ ચાલુ જ રહેશે. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 100 | સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલી મારી જીવન વીમાપૉલિસી/પૉલિસીઓની સેવા કોણ પૂરી પાડશે? | એકીકરણ થયા પછી પણ આપની શાખા દ્વારા આપની પૉલિસીઓની સેવા પૂરી પાડવાનું ચાલું રહેશે. આપની વીમાપૉલિસીમાંથી ઉદ્ભવતી કોઈપણ સેવા સંબંધિત ફરિયાદ માટે આપ અમને insurancecomplaints@canarabank.com પર ઈ-મેઈલ કરી શકો છો. |
| 101 | સીન્ડિકેટ બેંકના વર્તમાન જીવન વીમા જોડાણ સાથેનો સંબંધ વિચ્છેદ થવાના કિસ્સામાં પૉલિસીધારકને સૂચિત કરવામાં આવશે? | નિયામક દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ હાલની માર્ગદર્શિકા મુજબ, સીન્ડિકેટ બેંકનું કોઈપણ વીમાજોડાણ સમાપ્ત થતાં પહેલાં તેના અંગે પૉલિસીધારકને ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 102 | સીન્ડિકેટ બેંકના મારા ખાતામાંથી દર મહિને કપાતા મારા એસઆઈપીના હપ્તાઓનું શું? | આપ તેને ચાલુ રાખી શકો છો. |
| 103 | એકીકરણ થયાં બાદ કેનેરા બેંકમાં જીવન વીમાની સેવા કોના દ્વારા પૂરી પાડવામાં આવશે? | જેમાં એકીકરણ થયું છે તે બેંકમાં નવી જીવન વીમાપૉલિસી આપવામાં આવશે અને આ સંબંધિત સેવા કેનેરા એચએસબીસી ઓબીસી લાઈફ ઈન્શ્યોરેન્સ કું. લિ. દ્વારા પૂરી પાડવામાં આવશે. |
| 104 | શું મારી જીવન વીમાપૉલિસીઓને કેનેરા બેંક લાઈફ ઈન્શ્યોરેન્સ પૉલિસીમાં રૂપાંતરિત થઈ શકશે? | નિયામકે જીવન વીમાપૉલિસીઓની પૉર્ટેબિલિટીની હજુ સુધી કોઈ મંજૂરી આપી નથી/કોઈ માર્ગદર્શિકા જાહેર કરી નથી. |
| 105 | સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલી મારી વર્તમાન સ્વાસ્થ્ય વીમાપૉલિસી/પૉલિસીઓ (સીન્ડ આરોગ્ય)નું બેંકોનું એકીકરણ થયાં બાદ શું થશે? | આપની સ્વાસ્થ્ય પૉલિસીઓ એકીકરણ થયાં પછી પણ વર્તમાન વીમાપ્રદાતાની સાથે વર્તમાન મુદત સુધી ચાલુ રહેશે. રીન્યૂઅલના સમયે પૉલિસીઓને તેના સંપૂર્ણ ફાયદાઓ ચાલુ રહેવાની સાથે વૈકલ્પિક સેવાપ્રદાતા પર પરિવર્તિત કરવામાં આવશે. |
| 106 | સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલ મારી સ્વાસ્થ્ય વીમા પૉલિસીની સેવા કોણ પૂરી પાડશે/તેને રીન્યૂ કોણ કરશે? | એકીકરણ થયાં પછી પણ આપની શાખા દ્વારા આપની પૉલિસીઓને જેમ સામાન્ય રીતે સેવા પૂરી પાડવામાં આવતી તેમ જ સેવા પૂરી પાડવાનું ચાલું રહેશે. આપની વીમાપૉલિસીમાંથી ઉદ્ભવતી કોઈપણ સેવા સંબંધિત ફરિયાદ માટે આપ અમને insurancecomplaints@canarabank.com પર ઈ-મેઈલ કરી શકો છો. |
| 107 | એકીકરણ થયાં બાદ કેનેરા બેંકમાં સ્વાસ્થ્ય વીમાની સેવા કોણ પૂરી પાડશે? | એચડીએફસી અર્ગો હેલ્થ ઈન્શ્યોરેન્સ લિ. એ હાલમાં કેનેરા બેંક માટે સ્વાસ્થ્ય વીમાસેવા પૂરી પાડી રહી છે. આ સંબંધે કોઈપણ ફેરફાર અંગે સમયસર જાણ કરવામાં આવશે. |
| 108 | સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલી મારી વર્તમાન જનરલ ઈન્શ્યોરેન્સ પૉલિસીઓનું બેંકોના એકીકરણ થયાં બાદ શું થશે? | આપની પૉલિસીઓને પૉલિસીની મુદત પૂરી થાય ત્યાં સુધી વર્તમાન વીમાપ્રદાતા દ્વારા સેવા પૂરી પાડવાનું ચાલું રહેશે. ત્યારબાદ કેનેરા બેંક સાથે સંકળાયેલ વીમાકંપનીઓ દ્વારા પૉલિસીને રીન્યૂ કરવામાં આવશે. |
| 109 | સીન્ડિકેટ બેંકના વર્તમાન જનરલ ઈન્શ્યોરન્સ જોડાણ સાથેનો સંબંધ વિચ્છેદ થવાના કિસ્સામાં પૉલિસીધારકને સૂચિત કરવામાં આવશે? | નિયામક દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ હાલની માર્ગદર્શિકા મુજબ, સીન્ડિકેટ બેંકનું કોઈપણ વીમાજોડાણ સમાપ્ત થતાં પહેલાં તેના અંગે પૉલિસીધારકને ઘણી અગાઉથી જાણ કરવામાં આવશે. |
| 110 | એકીકરણ થયાં બાદ કેનેરા બેંકમાં જનરલ ઈન્શ્યોરેન્સની સેવા કોણ પૂરી પાડશે? | જનરલ ઈન્શ્યોરેન્સની સેવા અહીં નીચે જણાવેલ કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે:<br>• ધી ન્યૂ ઈન્ડિયા એશ્યોરેન્સ કું. લિ.<br>• મેસર્સ બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરેન્સ કું. લિ.<br>• મેસર્સ તાતા એઆઈજી જનરલ ઈન્શ્યોરેન્સ કું. લિ. |
| 111 | શું મારી જનરલ ઈન્શ્યોરેન્સ પૉલિસીઓને કેનેરા બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી જનરલ ઈન્શ્યોરેન્સ પૉલિસીમાં રૂપાંતરિત થઈ શકશે? | આપ આપની જનરલ ઈન્શ્યોરેન્સ પૉલિસીઓને નિયામક દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ પોર્ટિંગની માર્ગદર્શિકા અને રીન્યૂઅલ વખતે અંડરરાઈટિંગના નિર્ણય મુજબ કેનેરા બેંકના વીમા ભાગીદારો સાથે પરિવર્તિત કરી શકશો. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 112 | સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલ મારા વર્તમાન મ્યુચ્યુઅલ ફંડ (એસઆઇપી/એસટીપી સહિત)નું બેંકોના એકીકરણ બાદ શું થશે? | આપ જ્યાં સુધી જાળવી રાખવા માંગતા હો ત્યાં સુધી આપના વર્તમાન મ્યુચ્યુઅલ ફંડ (એસઆઇપી/એસટીપી સહિત) વર્તમાન ફંડ હાઉસ સાથે ચાલુ રહેશે. |
| 113 | સીન્ડિકેટ બેંક મારફતે કરવામાં આવેલા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણની સેવા કોણ પૂરી પાડશે? | મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણની સેવા સંબંધિત ફંડ હાઉસ દ્વારા પૂરી પાડવામાં આવશે. |
| 114 | એકીકરણ થયાં બાદ રોકાણ કરવા માટે કેનેરા બેંકમાં કઈ એસેટ મેનેજમેન્ટ કંપની ઉપલબ્ધ હશે? | કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડ |
| 115 | સીન્ડિકેટ બેંક દ્વારા વેચવામાં આવેલ પૉલિસીઓ/મ્યુચ્યુઅલ ફંડ યુનિટો અંગે કોઈ ફરિયાદો માટે મારે કોનો સંપર્ક કરવો જોઈએ? | વીમા અને મ્યુચ્યુઅલ ફંડ એમ બંને સેવા સંબંધિત કોઈપણ સમસ્યા માટે આપ અમને insurancecomplaints@canarabank.com પર લખીને જણાવી શકો છો. |
| 116 | 31 માર્ચ 2020 પછી રીન્યૂઅલ માટે 'સીન્ડ આરોગ્ય' પૉલિસી માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે? | પહેલેથી ઇશ્યૂ કરવામાં આવેલી પૉલિસીઓ ચાલુ રહેશે અને તેની નિયત તારીખ સુધી વીમાપ્રદાતા દ્વારા તેની સેવા પૂરી પાડવામાં આવશે. 01.04.2020 બાદ નવી પૉલિસીઓ અને રીન્યૂઅલની સેવા વૈકલ્પિક સેવાપ્રદાતા દ્વારા પૂરી પાડવામાં આવશે. |
| 117 | કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં જીવન વીમા ઉત્પાદનો બેંકોના એકીકરણ બાદ સીન્ડિકેટ બેંકના ગ્રાહકોને ઉપલબ્ધ થશે? | વીમા અને મ્યુચ્યુઅલ ફંડ હેઠળના ઉત્પાદનો સહિત કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં તમામ ઉત્પાદનો એકીકરણ પામેલી બેંકના તમામ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| 118 | કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનો બેંકોનું એકીકરણ થયાં બાદ સીન્ડિકેટ બેંકના ગ્રાહકોને ઉપલબ્ધ થશે? | વીમા અને મ્યુચ્યુઅલ ફંડ હેઠળના ઉત્પાદનો સહિત કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં તમામ ઉત્પાદનો એકીકરણ પામેલી બેંકના તમામ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| 119 | કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં જનરલ ઇન્શ્યોરેન્સ ઉત્પાદનો એકીકરણ બાદ સીન્ડિકેટ બેંકના ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે? | વીમા અને મ્યુચ્યુઅલ ફંડ હેઠળના ઉત્પાદનો સહિત કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં તમામ ઉત્પાદનો એકીકરણ પામેલી બેંકના તમામ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| 120 | કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં મ્યુચ્યુઅલ ફંડ ઉત્પાદનો એકીકરણ બાદ સીન્ડિકેટ બેંકના ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે? | વીમા અને મ્યુચ્યુઅલ ફંડ હેઠળના ઉત્પાદનો સહિત કેનેરા બેંક દ્વારા પૂરાં પાડવામાં આવતાં તમામ ઉત્પાદનો એકીકરણ પામેલી બેંકના તમામ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. |
| 121 | મેં સીન્ડિકેટ બેંકમાંથી મારી શૈક્ષણિક લૉન માટે ગ્રૂપ લાઇફ પૉલિસી ખરીદી છે, એકીકરણ બાદ આ પૉલિસીનું શું થશે? | વર્તમાન ગ્રૂપ પૉલિસીઓ તેની માન્યતાની તારીખ સુધી ચાલુ રહેશે અને સંબંધિત વીમાપ્રદાતા દ્વારા તેની સેવા પૂરી પાડવામાં આવશે. નવી પૉલિસી જે બેંકમાં એકીકરણ થયું છે તેમના સહયોગી ભાગીદાર દ્વારા પૂરી પાડવામાં આવશે. |
| 122 | મેં તાતા એઆઇજી જનરલ ઇન્શ્યોરેન્સ પાસેથી જનરલ ઇન્શ્યોરેન્સ પૉલિસી ખરીદેલી છે, શું નવી એકીકરણ પામેલી બેંક સાથે તે ચાલુ રહેશે? | હા. |
| 123 | એકીકરણ બાદ કેનેરા બેંક સાથે જોડાયેલ વીમા અને મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ પાસેથી ખરીદી કરવા માટે શું મારે અલગ ખાતું ખોલાવવું પડશે? | કોઈ જરૂર નથી. વર્તમાન ખાતું આ હેતુ પાર પાડવા માટે પૂરતું છે. |

| ક્રમ નં. | વારંવાર પૂછાયેલા પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 124 | એકીકરણ પહેલાં સીન્ડિકેટ બેંક પાસેથી ખરીદવામાં આવેલા જીવન અને સ્વાસ્થ્ય વીમા ઉત્પાદનો સંબંધિત ક્લેઈમ (દાવાઓ) માટે સીન્ડિકેટ બેંકના ગ્રાહકોએને કોણ હેન્ડલ કરશે/સહાયરૂપ થશે? | સંબંધિત વીમાસેવાપ્રદાતા આ પ્રકારના ક્લેઈમ (દાવાઓ)ની સેવા પૂરી પાડશે. એકીકરણ બાદ અમે સીન્ડિકેટ બેંકના ગ્રાહકો સહિતના ગ્રાહકોની ફરિયાદો/સમસ્યાઓને ઉકેલવા માટે સહાયરૂપ થઈશું. આપને જો આપની ફરિયાદ/નિસ્બત/સમસ્યાને ઉકેલવામાં કોઈપણ અવરોધનો સામનો કરવો પડે તો, કૃપા કરીને અમને insurancecomplaints@canarabank.com પર લખી જણાવો. |
| 125 | મે 2020માં અમારા વર્તમાન ખાતાઓમાંથી સામાજિક સુરક્ષા યોજના (પીએમજેજેબીવાય અને પીએમએસબીવાય) માટે ઑટો ડેબિટ થશે? | હા, શરત એ છે કે આપ પાત્રતા ધરાવતા હોવા જોઈએ. |
| 126 | પીએમજેજેબીવાય અને પીએમએસબીવાયના દાવાઓનું સમાધાન કેવી રીતે થશે? | ડીએફએસની માર્ગદર્શિકા મુજબ, વીમો આપનારી કંપનીઓ દાવાઓનું સમાધાન કરશે. |
| 127 | સમાધાન નહીં થયેલા દાવાઓ માટે ગ્રાહકોએ કોનો સંપર્ક કરવાનો રહેશે? | આ પ્રકારની જરૂરિયાત પેદા થતાં ગ્રાહકોએ નજીકમાં આવેલી શાખાનો સંપર્ક કરવાનો રહેશે. ગ્રાહકો કોઈપણ પ્રકારની ફરિયાદ માટે sssclaims@canarabank.com પર ઈ-મેઈલ પણ કરી શકે છે. |
| 128 | પીએમજેજેબીવાય અને પીએમએસબીવાય સંબંધિત કોઈપણ ફરિયાદ માટે ગ્રાહકોએ કોનો સંપર્ક કરવાનો રહેશે? | ગ્રાહકોએ એકીકરણ પામેલી બેંકની નજીકમાં આવેલી શાખાનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત તેઓ પીએમજેજેબીવાય અને પીએમએસબીવાય સંબંધિત કોઈપણ ફરિયાદ માટે insurancecomplaints@canarabank.com પર ઈ-મેઈલ પણ કરી શકે છે. |
| 129 | કઈ વીમાકંપનીઓ પીએમજેજેબીવાય અને પીએમએસબીવાયની સેવાઓ પૂરી પાડે છે? | હાલમાં કેનેરા બેંકએ પીએમજેજેબીવાય માટે મેસર્સ કેનેરા એચએસબી ઓબીસી લાઈફ ઈન્શ્યોરેન્સ કંપની સાથે અને પીએમએસબીવાય માટે મેસર્સ બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરેન્સ કું. સાથે જોડાણ કર્યું છે. આ કંપનીઓ એકીકરણ પામેલી બેંકોના ગ્રાહકોને પીએમજેજેબીવાય અને પીએમએસબીવાય સંબંધિત સેવાઓ પૂરી પાડવાનું ચાલુ રાખશે. |